eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 254
January 07, 2011

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની "સીટી રન"–દોડનું આયોજન



સને ૨૦૧૦–૧૧નું વર્ષ "સ્વર્ણિમ ગુજરાત" તરીકેની ઉજવણી તથા આગામી પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. તેના પરિપ્રેક્ષ્યમાં તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાંતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાંતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## આગામી પ્રજાસત્તાક દિન–૨૬ મી જાન્યુઆરીની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

સવિનય જણાવવાનું કે, આગામી પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરી રાજય કક્ષાની ઉજવણી સુરત મહાનગરપાલિકામાં કરવામાં આવનાર છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા સરકારશ્રી તરફથી આપવામાં આવતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૦૪/૦૧/૨૦૧૧ નાં રોજ વિજ્ઞાનભવન, નવી દિલ્હી ખાતે સુરત મહાનગરપાલિકાને એનાયત થયેલ "Award for Excellence in Financial Reporting"




ધી ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટસ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી ધ્વારા નાણાંકીય વર્ષ ૨૦૦૯–૨૦૧૦ માટે "Best Financial Reporting" અને Excellence In Financial Reporting માટે દેશની અર્બન લોકલ બોડીઝ પાસેથી એન્યુલ રીપોર્ટ મંગાવવામાં આવેલા ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૬/૦૧/૨૦૧૧ના રોજ અઠવા ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ

નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૬/૧/૨૦૧૧, ગુરૂવારના રોજ અઠવા ઝોન વિસ્તારમાં કુલ રૂ.૪૨૬.૦૪ લાખના ખર્ચે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ''સીટી રન''–દોડનું આયોજન





સને ૨૦૧૦–૧૧નું વર્ષ ''સ્વર્ણિમ ગુજરાત'' તરીકેની ઉજવણી તથા આગામી પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. તેના પરિપ્રેક્ષ્યમાં તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે ''સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧''માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર શહેરીજનોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨/૧/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ''સીટી રન''–દોડ સુરત બારડોલી રોડ ઉપર ન્યુ બોમ્બે માર્કેટથી આઈ માતા સર્કલ, અર્ચના સ્કુલ થઈ મ્યુ.વાહન ડેપો સુધી યોજવામાં આવી હતી. મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભૂવા, મા.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા.નેતાશ્રી શાસકપક્ષ, શ્રી દયાશંકર સિંગ, ડે.કમિશનરશ્રી(સ્પે.)શ્રી પી. જે. ઝાલા, જીલ્લા શિક્ષણાધિકારીશ્રી દિનેશભાઈ પટેલ, તથા અન્ય મ્યુનિ.સભ્યોશ્રીઓએ લીલી ઝંડી ફરકાવી દોડ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. આ ''સીટી રન''માં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ મળી આશરે ૧૫૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ''સીટી રન''માં **વિદ્યાર્થીઓમાં પ્રથમ**– પ્રજાપતિ અક્ષય જયંતિભાઈ, **દ્વિતીય**– સેલર સમીર જગદીશભાઈ, **તૃતીય**– જલ્પેશ જીવનભાઈ વાઘેલા વિજેતા થયા હતા. જયારે **વિદ્યાર્થીનીઓમાં પ્રથમ**–તારપરા જીજ્ઞાશા રમેશભાઈ, **દ્વિતીય**–ખસિયા કાજલ રસિકભાઈ, **તૃતિય** વસાવા સુમિત્રા ગુરજીભાઈ વિજેતા નીવડયા હતા.

Continue …

આ પ્રસંગે વિજેતાઓને માન.મેયરશ્રીએ અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, તા.૨૩ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ યોજાનાર ''સ્વર્ણિમ સીટી રન'' તથા ૨૬ મી જાન્યુઆરી નિમિતે થનાર પરેડમાં મોટા સંખ્યામાં લોકો જોડાય તે હેતુથી વિદ્યાર્થીઓ તથા તમામ નગરજનોને અનુરોધ કર્યો હતો.

ડે.કમિશનરશ્રી(સ્પે.)શ્રી પી. જે. ઝાલાએ ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા સ્પર્ધકોને આવકારતા જણાવ્યું હતું કે ગત વર્ષે યોજાયેલ સીટી રન મુજબ આ વર્ષે પણ ''સ્વર્ણિમ ગુજરાત'' ની ઉજવણીના ભાગ રૂપે જુદી જુદી સીટી રનનું આયોજન કરેલ છે. જેમાં ઉત્સાહ ભેર ઉપસ્થિત રહી ''સ્વર્ણિમ ગુજરાત''ની ઉજવણીને સફળ બનાવવા અનુરોધ કર્યો હતો.

''સીટી રન'' વિજેતા દોડવીરોને મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભૂવા, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા.નેતાશ્રી શાસકપક્ષ, શ્રી દયાશંકર સિંગ, ડે.કમિશનરશ્રી(સ્પે.)શ્રી પી. જે. ઝાલા, વગેરે મહાનુભાવોના હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. ''સીટી રન''માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ રૂપે કેપ આપવામાં આવી હતી. આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં ડે.મેયર શ્રીમતી છાયાબેન ભૂવાએ ઉપસ્થિત તમામનો આભાર માની હવે પછીના ''સીટી રન''કાર્યક્રમમાં નગરજનોને ઉત્સકાહ પૂર્વક મોટી સંખ્યામાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

**હવે પછીનો ''સીટી રન'' નો કાર્યક્રમ નીચે મુજબ છે**

| ક્રમ | તારીખ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૦૯/૦૧/૨૦૧૧<br>રવિવાર<br>સવારે ૭.૩૦ કલાકે | ડોકટરો, આર્કીટેકટ,વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે જેવા વ્યવસાયીઓ (પુરૂષ / સ્ત્રી વિભાગ) | SVNIT કોલેજ સર્કલથી રંગોલી રેસ્ટોરન્ટ, રૂંઢનાથ મહાદેવ સુધી, સુરત ડુમસ ગૌરવપથ |
| ૨ | ૧૬/૦૧/૨૦૧૧<br>રવિવાર<br>સવારે ૭.૩૦ કલાકે | ડાયમંડ, ટેક્ષટાઈલ્સ અને કોર્પોરેટ સેકટર, ઈલેકટ્રોનીક અને પ્રિન્ટ મીડીયા સાથે સંકળાયેલ વ્યકિતઓ (પુરૂષ / સ્ત્રી વિભાગ) | વિદ્યાકુંજ સ્કુલથી એલ.પી.સવાણી સ્કૂલ સર્કલ થઈ ''ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ'' સુરત–હજીરા રોડ રેખા પાર્ક સુધી |
| ૩ | ૨૩/૦૧/૨૦૧૧<br>રવિવાર<br>સવારે ૭.૩૦ કલાકે | ''સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧'' | સુરત–ડુમસ ગૌરવપથ |

TOP

## સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાંતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાંતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખુબ જાણીતું છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે આ પ્રદર્શનમાં પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની જાણકારી દર્શાવવામાં આવી છે. આ પ્રદર્શન તા.૦૫/૦૧/૨૦૧૧ થી તા.૧૬/૦૧/૨૦૧૧ દરમ્યાન સવારે ૯.૩૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી જાહેર જતા માટે સાયન્સ સેન્ટર ખાતે પ્રદર્શન ખુલ્લુ રહેશે. જયારે તા.૧૪/૦૧/૧૧ના રોજ સાયન્સ સેન્ટર સંકુલ સંપુર્ણ બંધ રહેશે. આ પતંગ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી.

TOP

## આગામી પ્રજાસત્તાક દિન–૨૬ મી જાન્યુઆરીની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



સવિનય જણાવવાનું કે, આગામી પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરી રાજય કક્ષાની ઉજવણી સુરત મહાનગરપાલિકામાં કરવામાં આવનાર છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા સરકારશ્રી તરફથી આપવામાં આવતી વિવિધ આરોગ્ય સેવાઓથી માહિતગાર થાય અને નિષ્ણાત તબીબો મારફતે સ્થળ પર તપાસ, નિદાન, સારવાર અને જરૂર જણાયે રેફરેલ સેવાઓ પુરી પાડવાના આશયથી સાત ઝોનમાં ઝોન દિઠ એક કુલ સાત વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર મેગા કેમ્પ / આરોગ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા. ૦૫/૦૧/૨૦૧૧ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, અલથાણ ટેનામેન્ટની સામે, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

કેમ્પમાં વિવિધ રોગો જેવા કે બાળરોગ, સ્ત્રીરોગ, આંખના રોગ, ફિઝીશીયન, સર્જન, ચામડીના રોગના તજજ્ઞો દ્વારા વિના–મૂલ્યે નિદાન કરી સારવાર આપવામાં આવી હતી.

આ પ્રસંગે આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.હેમંત દેસાઈ, ડે.કમિશનરશ્રી(સ્પે.)શ્રીપી.જે.ઝાલા, ઝોનલ ઓફીસરશ્રીએ.જી.ખાટીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી / ડો.પી.એચ.ઉમરીગર, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/ કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબઘી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, ''સામાન્ય રીતે પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે.જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે. જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે.મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્ય લક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે.સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યુ હતું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો અલથાણ ટેનામેન્ટ તથા આસપાસ વિસ્તારના કુલ ૭૫૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૮૩, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૭, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૮, બાળરોગ નિષ્ણાત દ્વારા ૨૧૨, ફિઝીશયન દ્વારા ૪૬, સર્જન દ્વારા ૦૬, મેડીકલ ઓફીસર દ્વારા ૨૭૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧ દર્દીનો લોહીનો નમુનો લેવામાં આવ્યો હતા. ઓ.આર.એસ ૧૨ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ૩૩ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૩૩૦, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૬૬૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૭ બાળકોને બી.સી.જી., ૫ બાળકોને ડીપીટી, ૧૨ બાળકોને પોલીયો અને ૧ બાળકને ઓરીની રસી આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## તા.૦૪/૦૧/૨૦૧૧ નાં રોજ વિજ્ઞાનભવન, નવી દિલ્હી ખાતે સુરત મહાનગરપાલિકાને એનાયત થયેલ "Award for Excellence in Financial Reporting"




ધી ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટસ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી ધ્વારા નાણાંકીય વર્ષ ૨૦૦૯–૨૦૧૦ માટે ''Best Financial Reporting'' અને Excellence In Financial Reporting માટે દેશની અર્બન લોકલ બોડીઝ પાસેથી એન્યુલ રીપોર્ટ મંગાવવામાં આવેલા. આ Compitition માં સુરત મહાનગરપાલિકાએ ભાગ લીધેલો અને નાણાંકીય વર્ષ ૨૦૦૯–૨૦૧૦ ના ''Annual Report'' Excellence in Financial Reporting By Urban Local Bodies એવોર્ડ આપવામાં આવેલ. Annual Reports નાં Evalution માં નિષ્ણાંત જજોની પેનલ ધ્વારા (1) Review Of Accounting Practice (2) Policy Adopted For Disclosure And Presentation Of Annual Statement (3) Other Information Of Annual Reports (4) Accounting Standard, Statutory Guidelines & Relevant Legal Disclosures વિગેરે પેરામીટરોનું મુલ્યાંકન કરી સુરત મહાનગરપાલિકાને મા.મંત્રીશ્રી યુનિયન મીનીસ્ટર ઓફ સ્ટેટ ફોર કોર્પોરેટ એફેર્સ – શ્રી સલમાન ખુર્શીદ, અને ડે.ચેરમેન રાજયસભા સી.એ.શ્રી રહેમાન ખાન અને સી.એ.શ્રી ચોપરા, પ્રેસીડન્ટ ધી ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયાના વરદહસ્તે તા.૦૪/૦૧/૨૦૧૧નાં રોજ વિજ્ઞાનભવન, નવી દિલ્હી ખાતે સુરત મહાનગરપાલિકાના મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈને ''Plaque Award'' એનાયત કરવામાં આવેલ.

**TOP**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૬/૦૧/૨૦૧૧ના રોજ અઠવા ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



નાગરિકોની સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પરંપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા.૬/૧/૨૦૧૧, ગુરૂવારના રોજ અઠવા ઝોન વિસ્તારમાં કુલ રૂા.૪૨૬.૦૪ લાખના ખર્ચે (૧) ટી.પી.સ્કીમ નં ૪ ( ઉમરા–સાઉથ) ફા.પ્લોટ નં ૧૨૯,પનાસ ગામ પાસે,સુરત ખાતે હયાત આંગણવાડીમાં વધારાની સુવિધાની લોકાર્પણવિધિ (૨) સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં કાપડીયા હેલ્થ કલબ વાળા રોડ પર સિવીલ હોસ્પિટલ કંપાઉન્ડ વોલને લાગુ ફુટપાથ પર પાર્કીંગ તેમજ ફુડ પ્લાઝાની ખાતમુહૂર્તવિધિ (૩) ટી.પી.સ્કીમ નં ૬(મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં ૧૬૧,અંબાનગર, ખટોદરા ખાતે તળાવના વિકાસની ખાતમુહૂર્તવિધિ(૪) ટી.પી.સ્કીમ નં ૨૮ (અલથાણ–ભટાર) ફા.પ્લોટ નં ૧૦૬,અલથાણ હેલ્થ સેન્ટરની બાજુમાં વોર્ડ ઓફિસ તથા વાંચનાલયની લોકાર્પણવિધિ(૫)ટી.પી.સ્કીમ નં ૨૮ (અલથાણ–ભટાર) ફા.પ્લોટ નં ૨૦–બી અલથાણ હેલ્થ સેન્ટરની બાજુમાં કોમ્યુનીટી હોલની લોકાર્પણવિધિ તથા મુખ્ય સમારંભ સાંજે ૬.૩૦ કલાકે શ્રી દિલીપભાઈ સંઘાણી, મા.મંત્રીશ્રી કૃષિ, સહકાર,પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન, ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.



મુખ્ય સમારંભની શરૂઆત સ્વાગતગીતથી કરવામાં આવી હતી.

મ્યુ. કમિશનરશ્રીએ સર્વે મહાનુભાવોનું આ પ્રસંગે સ્વાગત કરતા જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા તરફથી ૬૨ માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર હોય તે પ્રસંગે ૨૦ દિવસમાં સુરત મહાનગરપાલિકા તરફથી રૂા.૪૦૦ કરોડના વિકાસલક્ષી કામોની ખાતમુહૂર્ત તથા લોકાર્પણ થનાર છે. વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે પાર્લે પોઈન્ટ ફલાય ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું તેનાથી પરિવહન સરળ અને ઝડપી બનશે. શહેરના વિકાસ કાર્યોમાં મહાનગરપાલિકાને સહકાર આપવા શહેરીજનોને અનુરોધ કર્યો હતો. ત્યારબાદ મા.મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.





Continue …

મા.મંત્રીશ્રીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય તહેવારો ફકત ગાંધીનગરમાં ઉજવવાને બદલે રાજયના જુદા જુદા વિસ્તારોમાં ઉજવવાનું નકકી કરી તેમાં રાજયની પ્રજાને સહભાગી બનાવવાનો સુંદર અને આવકારદાયક નિર્ણય કર્યો છે. ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકારે ઘણા કાર્યો કર્યા છે. પશુમેળાઓનું આયોજન કર્યુ. ગુજરાતના વિવિધ ગામોમાં કૃષિ મહોત્સવનું આયોજન કર્યુ જેના કારણે ગુજરાતે દેશમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ગરીબોના ઉત્થાન માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. વિકાસને કદી પુર્ણ વિરામ હોતું નથી. આજનો વિકાસ એ આવતી કાલનો ભુતકાળ છે એમ જણાવી વિવિધ ક્ષેત્રોમાં વિકાસ કરવા માટે સરકાર કટિબધ્ધ છે એમ જણાવ્યું હતું. ઉદ્યોગોને સાનુકૂળ વાતાવરણને કારણે દેશવિદેશના ઉદ્યોગપતિઓ એમઓયુ કરવા ગુજરાત આવી રહયા છે. ગરીબોને મળવાપાત્ર લાભો તેઓને સીધે સીધા મળી શકે તે હેતુથી રાજયના વિવિધ વિસ્તારોમાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું. સુરત શહેરને સુંદર શહેર તરીકે ગણાવી શહેરી જનોને શહેરની સુંદરતા જાળવી રાખવાના પ્રયત્નોમાં સતત પ્રયત્નશીલ એવી મહાનગરપાલિકાને અભિંનદન આપ્યા હતા. આ કાર્યમાં મહાનગરપાલિકાને સહકાર આપવા અપીલ નગરજનોને અપીલ કરી હતી.





મા.મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી દરમ્યાન ઘણા પ્રકલ્પો સાકાર કરવાનો મહાનગરપાલિકાએ સંકલ્પ કર્યો છે અને એ દિશામાં મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે. એમ જણાવી હાલમાં જ સુરત મહાનગરપાલિકાને નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ ના "Annual Report" Excellence in Financial Reporting By Urban Local Bodies એવોર્ડ પ્રાપ્ત થયેલ છે તે બદલ સૌને અભિનંદન આપ્યા હતા.

મા.સાંસદશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે પ્રજાસત્તાક દિનની ઉજવણીના શરૂઆતના દિવસોમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રોજેકટોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ કરી ખુબ સુંદર શરૂઆત કરી છે. સુરત શહેરનો વિસ્તાર ઝડપથી વિકસતો વિસ્તાર છે. તેના કારણે ઉપસ્થિત થતી સમસ્યાનું નિવારણ કરવા સૌ કટિબધ્ધ છે.

અતિથિવિશેષ શ્રી મુકેશ દલાલ, મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિએ જણાવ્યુ હતું કે આ વિસ્તારમાં કોમ્યુનીટી હોલની છેલ્લા કેટલાક સમયની માંગણી પૂરી થતાં હું સંતોષની લાગણી અનુભવું છું. આ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા ફુડ પ્લાઝાનું આયોજન કરવાનો નવતર પ્રયોગ સૌ પ્રથમવાર થઈ રહયો છે. જે બદલ ગર્વની લાગણી અનુભવુ છું.

આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવાએ ઉપસ્થિત મહાનુભવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે રાજય સભાના સાંસદ શ્રી પ્રવિણભાઈ નાયક, ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા,શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ તથા મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP